# Media Release

Reliance
Industries Limited

## રિલાયન્સ જામનગર દ્વારા રિફાઈનરી આસપાસનાં ૧૬ ગામોમાં ગૌ સેવાનું વિશિષ્ટ અભિયાન

---

## રૂા. ૯૧ લાખના ખર્ચે ગૌશાળાઓનું નિર્માણ

---

## કુલ ૨૪૦૦ ગાયો માટે ઘાસચારાની સહાય રાશિમાં ગ્રામજનોની ઈચ્છાનુસાર ધરખમ વધારો

---

## ગાયોના ઘાસ-ચારા માટે કંપનીએ વાર્ષિક બજેટ રૂા. ૪૮ લાખ થી વધારીને રૂા. ૭૦ લાખ જેટલું કર્યું

---

## ટૂંક સમયમાં બીમાર ગાયોની ચિકિત્સા માટે પશુ મોબાઈલ વાન અને પશુ ચિકિત્સાલયનું આયોજન

---

- *પરિમલ નથવાણી*

**જામનગર : સપ્ટેમ્બર ૧૪, ૨૦૧૨:** રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા તેની વિશ્વ વિખ્યાત રિફાઈનરી સંકુલની આજુબાજુનાં ગામોમાં ગૌ સેવાની ઉદાહરણરૂપ કામગીરી વર્ષોથી થઈ રહી છે. તાજેતરમાં અમુક ગામોના લોકોની લાગણીને અનુલક્ષીને કંપની દ્વારા દર મહિને આ ગામોને ઘાસચારા માટેની સહાયના બજેટમાં પણ ધરખમ વધારો કરવામાં આવ્યો છે. એટલું જ નહિ, આ ગાયોની ચિકિત્સા માટે પશુ મોબાઈલ વાન અને પશુ ચિકિત્સાલયનું આયોજન પણ થઈ રહ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ (કોર્પોરેટ અફેર્સ) શ્રી પરિમલ નથવાણીએ આ અંગે આપેલી વિગતો મુજબ રિલાયન્સ રિફાઈનરીની આજુબાજુનાં ૧૬ ગામોની ગાયો માટે ઘાસચારાનું બજેટ વર્ષ ૨૦૧૨-૧૩થી વધારીને વાર્ષિક રૂા. ૬૯.૨૨ લાખ કરવામાં આવ્યું છે. અગાઉ આ બજેટ વાર્ષિક રૂા. ૪૮ લાખ જેટલુ હતું. કંપનીના આ નિર્ણયને ગ્રામ સરપંચો અને ગ્રામજનોએ ભાવપૂર્વક વધાવી લીધો છે. મોટી ખાવડી, પડાણા, મેઘપર, સિક્કા, ગાગવા, નાની ખાવડી, પીપળી, કાનાલુસ, ડેરા ચિકારી, નવાણિયા, શાપર, આરબલુસ, મેઘનું ગામ, નવાગામ, કાના ચિકારી અને સેતાલુસ એમ ૧૬ ગામોની કુલ ૨૪૧૦ ગાયો માટે દર મહિને કંપની દ્વારા ઘાસ ચારો પૂરો પાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી નથવાણીએ વધુમાં જણાવ્યું કે રિલાયન્સના સ્થાપક અધ્યક્ષ મહાન ઉદ્યોગપતિ શ્રી ધીરૂભાઇ અંબાણીના વૈષ્ણવ સંસ્કારોની પ્રેરણાથી વર્ષ ૧૯૯૮માં રિલાયન્સના જામનગર સંકુલના નિર્માણકાર્ય દરમ્યાનના સમય ગાળાથી જ પ્રથમ મોટી ખાવડી, નાની ખાવડી, મેઘપર, પડાણા, ગાગવા અને સિક્કા એમ છ ગામો માટે શરૂ કરાયેલા આ વિશિષ્ટ અભિયાનમાં ધીમે ધીમે રિલાયન્સના વિકાસની સાથે સાથે બીજાં ગામોને પણ સમાવી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

તેમણે વધુમાં કહ્યું કે કંપનીએ વર્ષ ૧૯૯૫-૯૬માં મોટી ખાવડી અને સિક્કા, વર્ષ ૧૯૯૬-૯૭માં નાની ખાવડી, પડાણા અને મેઘપર તથા વર્ષ ૨૦૦૭-૦૮માં કાનાલુસ અને ડેરા ચિકારીની ગૌશાળાઓનું નિર્માણ તથા નાની ખાવડી ગૌશાળાનો જીર્ણોદ્ધાર કરી આપ્યો હતો. આ માટે અંદાજીત રૂા. ૯૧.૩૦ લાખ ખર્ચ કંપનીએ કર્યો હતો. રિલાયન્સે બાંધી આપેલી ગૌશાળાઓ મોકળાશ ધરાવે છે. તેમાં ઘાસ-ચારાના સંગ્રહ, પીવાના પાણીના અવેડા, તેમજ ખૂંટ માટેની જગ્યા રખાઇ છે. ગૌશાળાઓની ફરતે દીવાલ ચણી આપવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણનું એક નામ ગોપાલ છે જેનો અર્થ છે જે ગાયોનું લાલન-પાલન કરે છે તે. આ રીતે રિલાયન્સે બાંધેલી ગૌશાળાઓના દરવાજે ગાયો વચ્ચે ઘેરાયેલા શ્રીકૃષ્ણ બંસરી વગાડતા હોય તેવી પ્રતિમાઓ આ ગૌશાળાઓને વધુ અર્થસભર અને કળાત્મક બનાવે છે.

હવે રિલાયન્સ આ ગામોની ગાયોના સ્વાસ્થ્ય માટે કાંઇક નવું કરી છૂટવા કૃતસંકલ્પ છે. ગાયો ક્યારેક બીમાર પડે તો તેમની તત્કાળ સારવાર થઇ શકે તે માટે કોઇ આયોજન કંપની વિચારી રહી છે. આ અંગે શ્રી નથવાણીએ જણાવ્યું કે ટૂંક સમયમાં આ ગામોમાંથી કોઇ જગ્યાએ એક પશુ ચિકિત્સાલય અને પશુ મોબાઇલ વાનની સગવડ ઊભી કરવાની યોજના ઘડવામાં આવી રહી છે. જો સઘળું સમું-સૂતરૂં ઊતરે તો નજીકના ભવિષ્યમાં આ અંગેનું કામકાજ શરૂ થઇ જશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

રિલાયન્સ જામનગર રિફાઇનરીના આજુ બાજુનાં ગામોનાં ગૌ સેવા ઉપરાંત પણ અન્ય સંખ્યાબંધ સેવા કાર્યોની યાદીમાં આ નવા ઉમેરાની આશાએ ગ્રામજનોમાં પોતાના ગામ માટે આનંદની અને કંપની માટે આત્મીયતાની લાગણી પ્રસરી છે.

★ ★ ★

Refinery Division: Village Meghpar/Padana, Taluka Lalpur, Dist. Jamnagar, Gujarat -361 280
Phone : +91-288-2321065, Fax : +-91-288-2321098